# પરવિન બાબીની જેમ તેના ઘરને પણ અડધી રાતે તોડી પડાયું...



**ફિલ્મની દુનિયાની પ્રથમ મહિલા સુપરસ્ટાર પરવીન જ ગણાય છે. જવાની અને સુંદરતાનો એવો મેળાપ કર્યો કે ફિલ્મોમાં પરવીનની એક ઝલક જોઇ લોકો પાગલ થઇ જતા! એટલું જ નહીં બોલિવૂડના મોટા સ્ટાર પણ પરવીનના ગ્લેમર્સના દિવાના હતા, પણ પરવીનનો પહેલો પ્રેમ બોલિવૂડનો વિલન ડેની હતો!**

1970ના દાયકામાં હિન્દી સિનેમાની ગ્લેમર્સ અને બોલ્ડ એક્ટ્રેસોમાંની એક એક્ટ્રેસ પરવિન બાબીને કોણે નહીં જોઈ હોય? પરવિનના પિતા વલી મો.ખાન બાબી અને માતા જમાલ બખ્તે બાબી. આમ તો બાબી પરિવાર અફઘાનિસ્તાનના પશ્તુન હતા પણ કહેવાય છે કે જૂનાગઢમાં નવાબોને ત્યાં સિંહોને મહેલોથી દૂર રાખવાનું કામ પરવિનના પૂર્વજો કરતાં. સમય જતા ગુજરાતનાં જૂનાગઢમાં સ્થાયી થયા હતા અને શાસક નવાબ સાથે સંબંધો ધરાવતા પણ જૂનાગઢના નવાબના વહીવટકર્તા અને પરવિનના પિતા વલી મો. ખાન બાબીએ 1947ના ભાગલા દરમિયાન જૂનાગઢને ભારતમાં જોડાયું ત્યારે તેમની જમીન, પદવી અને નોકરી ગુમાવી દીધી હતી. પણ જૂનાગઢની ખૂબસૂરતી વધારતો તેમનો જાજરમાન બંગ્લો તેમની રાજાશાહીની ઓળખ આપતો હતો. જૂનાગઢમાં નવાબી કાળના જૂના મહેલ પાસે આવેલા દીવાનચોક વિસ્તારમાં પરવીન બાબીનું 54 રૂમવાળું, કરોડોનું આ પૈતૃક ઘર આવેલું હતું. પરવીન બાબીના ડેલા તરીકે ઓળખાતું ઐતિહાસિક 200 વર્ષ જૂનું ઘર તોડી પાડવામાં આવ્યું છે. જૂનાગઢના લોકો કહે છે ઘરની કોઈ એટલી સારસંભાળ નહોતું રાખતું છતાં તેનું બાંધકામ ખૂબ મજબૂત જણાઈ રહ્યું હતું. તેની કમાન એટલી મજબૂત હતી કે જો આ ઘર તોડી ન પાડ્યું હોત તો એ કમાન હજુ કદાચ 200 વર્ષ સુધી ટકી રહી હોત. ખાસ વાત તો એ છે કે તોડ્યા બાદ કિંમતી પથ્થરો અને સાગના લાકડા રાતો-રાત ગાયબ પણ થઇ ગયા. પણ સાથે આ ડિમોલિશનની કામગીરી કોઈ સરકારી આદેશ કે તંત્ર દ્વારા ન કરાઈ હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

માબાપની એકનીએક સંતાન "પરવીન બાબી તેનાં વિલ મુજબ તેમની કુલ સંપત્તિના 70 ટકા એક ટ્રસ્ટનું નિર્માણ કરી તેના સંચાલનમાં લગાડવાની વાત કરાઈ હતી. જ્યારે બાકીની સંપત્તિમાંથી 20 ટકા તેમના મામા મુરાદ ખાન, પાંચ ટકા જૂનાગઢ ખાતેની તેમની કૉન્વેન્ટ સ્કૂલ અને અન્ય પાંચ ટકા અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજને આપવાની ઈચ્છા વ્યક્ત કરાઈ હતી પણ મુંબઈમાં પરવીન બાબી ચૅરિટેબલ ટ્રસ્ટે આ ઘર તોડી પડાયાની ઘટના સામે રોષ પ્રગટ કર્યો હતો



પરવિને મોડેલ તરીકે પોતાના કેરિયરની શરૂઆત કરી, પરંતુ ટૂંક સમયમાં જ તેને ફિલ્મોમાં સફળતા મળી. 1973માં, ક્રિકેટર સલીમ દુર્રાની સાથે ફિલ્મ 'ચરિત્ર'માં ડેબ્યૂ કર્યું. ફિલ્મ તો ફ્લોપ રહી પરંતુ પરવિનના ચહેરા અને સુંદરતાએ બધાનું ધ્યાન ખેંચ્યું.

**કિસ્સા કહાની**

પોતાના ડેબ્યૂના બે થી ત્રણ વર્ષમાં જ, પરવિન એટલી બધી ફેમસ થઈ કે હતી કે ટાઈમ મેગેઝિનના કવર પેજ પર તે દેખાઈ! ટાઈમ મેગેઝિનના કવર પેજ પર દેખાવનારી તે પહેલી બોલિવૂડ સ્ટાર હતી.

જવાની અને સુંદરતાનો એવો મેળાપ કર્યો કે ફિલ્મોમાં પરવિનની એક ઝલક જોઈ લોકો પાગલ થઈ જતા! એટલું જ નહીં બોલિવૂડના મોટા સ્ટાર પણ પરવિનના ગ્લેમર્સના દિવાના હતા પણ પરવિનનો પહેલો પ્રેમ બોલિવૂડનો ખૂંખાર વિલન ડેની હતો! 4 વર્ષ તેમનું ચક્કર ચાલ્યું ત્યાર પછી બ્રેકઅપ થયું!




હાર્ટ બ્રેક પછી કબીર બેદીએ પરવિનને સાથ આપ્યો. કબીરથી પરવિન એટલી આકર્ષાય કે 3 વર્ષ સુધી પરવિન ને કબીર રિલેશનમાં રહ્યા પણ તકદીરને કંઈ અલગ જ મંજૂર હતું. કબીરનો પણ સાથ છૂટી ગયો અને પરવિન પાછી એકલી પડી ગઈ! તે સમય મહેશ ભટ્ટ સ્ટ્રગલ કરતા હતા અને તેની ફિલ્મોમાં તેની શરૂઆત જ થઈ હતી. પણ પરવિનને ફરી એકવાર મહેશ ભટ્ટનો સાથ મળ્યો, પણ થોડા સમયમાં જ પરવિનના મેન્ટલી સિક છે એવા ન્યૂઝ આવવા લાગ્યા. એ ન્યૂઝ પરવિન અને મહેશ ભટ્ટને અલગ પડવાનું કારણ પણ બન્યું.

આમ જેને ફિલ્મોમાં જે સકસેસ મળ્યું પણ પર્સનલ લાઈફ અને લવ લાઈફમાં પરવિન ફેલ થઈ અને 1983માં પરવિને બોલિવૂડને અલવિદા કરી દીધું અને મુંબઈથી બેંગ્લોર અને ત્યાંથી અમેરિકા સ્થાયી થઈ!

1989 માં પરવિન ફરી ભારત આવી અને મુંબઈમાં જ રહેવા લાગી. 20 જાન્યુારી 2005ની એક સવારે જ્યારે તેના પડોશીએ જોયું કે ન્યૂઝપેપર અને દૂધ 2-3 દિવસથી એમનું એમ પડ્યું છે ત્યારે ખબર પડી કે પરવિને આ દુનિયાને અલવિદા કરી દીધું છે!

આમ એક સમયની બોલિવૂડની ફેમસ એક્ટ્રેસ પરવિન જેની લાઈફના કેટલાક સિક્રેટ્સ દર્દભર્યા છે કે જાણીને આંખ ભીની થઈ જાય!

# ગુલઝાર સા'બની એ કવિતા જે ગીત બની ત્યારે પંચમદાની આંખો ભીની કરી ગઈ!

કિશોર કુમારના ગીતો જેટલા લોકપ્રિય છે તેનાથી પણ વધુ કિશોર કુમારના ગીતો ગાવા પાછળના કિસ્સાઓ લોકપ્રિય છે. આજે આપણે એક એવા ગીતનો કિસ્સો જાણીશું. 70ના દશકનો આ કિસ્સો છે જ્યારે એક સાંજે ગીતકાર અને કવિ ગુલઝાર સા'બ થોડા દાર્શનિક થઈ ગયા. અને એક કવિતા રચે છે. ગુલઝારે ક્યારેય નહોતું વિર્ચાયું કે એક દિવસ તેમનાથી લખાયેલી એ કવિતા એક ખૂબસૂરત ગીત બની જશે! અને હંમેશા માટે અમર થઈ જશે!

વર્ષ 1978ના અરસામાં હૃિશિકેષ મુખર્જી એક રોમ-કોમ અને ડ્રામા ફિલ્મનું ડાયરેક્શન કરી રહ્યા હતા. ફિલ્મની સ્ટોરીને જોઈ આમોલ પાલેકર અને રેખાને લિડ રોલમાં રાખવાનો નિર્ણય લીધો! ને ફિલ્મનું નામ 'ગોલમાલ' રાખવામાં આવ્યું. હૃિશિકેષ પહેલી વાર અમોલ પાલેકર લઈ રહ્યા હતા. જે ફિલ્મોમાં અમોલ પાલેકર હોય તો સિંગર તરીકે મુકેશ કાં તો યશુદાસ જ હોય.

ફિલ્મના પ્રોડ્યુસર N.A. સિપ્પીએ પંચમદા અને ગુલઝાર સાહેબને ફિલ્મના સંગીતકાર અને ગીતકાર તરીકે ફાઈનલ કર્યા. પરંતુ ફિલ્મની શૂટિંગ શરૂ થાય પહેલા જ રેખાનો રોલ બિંદિયા ગોસ્વામીને આપી દીધો!

**મ્યુઝિકલ મોમેન્ટ**

પંચમદા 'ગોલમાલ'ની ધૂનને ફાઈનલ ટચ આપતા હતા ત્યારે પંચમદાએ ગુલઝાર સામે જોયું અને કહ્યું કે ખૂબ જ સારું સેમીક્લાસિક રોમેન્ટિક ગીત જોઈએ છે, જે ફિલ્મનું મુખ્ય આકર્ષણ બને! પંચમદા પોતાની વાત પૂરી કરે તે પહેલા અચાનક જ ગુલઝાર સાહેબે તેની ડાયરી બતાવી અને લખેલી કવિતા વંચાવી, પંચમદાએ કવિતા વાંચી અને ખૂબ જ પ્રભાવિત થયા. પણ તરત કહ્યું કે આ રોમેન્ટિક ઓછી અને દાર્શનિક વધું લાગે છે. તે કવિતાના હતી 'આને વાલા પલ જાને વાલા હે', ત્યારે ગુલઝારે કહ્યું મને એક દિવસ આપો હું આમાં પણ રોમેન્ટિક તડકો લગાવી લાવીશ!



બીજા દિવસે ગુલઝાર સાહેબ આખું ગીત લખી લાવ્યા અને જ્યારે ગીતના શબ્દો વાંચ્યા ત્યારે પંચમદાની આંખો ભીની થઈ ગઈ અને કહ્યું કે આ ગીતના સંગીતમાં કોઈ તામઝામ નહીં કરૂં અને બને એટલું સરળ રાખીશ! RD બર્મને આ ગીત ગાવા માટે કિશોરકુમારની માગ કરી ત્યારે બધાએ કહ્યું કિશોરકુમાર કેમ? યશુદાસ તો અમોલ પાલેકરની અવાજ છે. પંચમદા ફરી એક વાર દુવિધામાં પડી ગયા કે હવે કરવું શું?

ત્યારે કોઈએ પંચમદાને કહ્યું કે બાસુ ચેટર્જી પણ અમોલ પાલેકરની સાથે એક ફિલ્મ બનાવી રહ્યા છે જેમાં રાજેશ રોશન મ્યુઝિક ડાયરેક્ટર છે અને કિશોરકુમાર તે ફિલ્મમાં ગીત ગાવાના છે. બસ પંચમદાએ તરત જ હૃિશિકેષ મુખર્જીને ફોન કર્યો અને ખબર પડી કે યશુદાસ અને લતાજીને ફિલ્મ ગોલમાલના ગીતો માટે હજુ કન્ફર્મ નથી કર્યા! તરત જ પંચમદાએ કિશોર કુમાર અને લતાજીને ફિલ્મ ગોલમાલના ગીતો ગાવા માટે ફાઈનલ કરી દીધા! કિશોર કુમારે એ રીતે શૂર છેડ્યો કે આખા સ્ટૂડિયો ગૂંજી ઉઠ્યો! કિશોર કુમારના લગભગ તમામ ગીતો સદાબહાર છે, પણ આ ગીતની વાત જ કાઈ અલગ છે.

# દિલીપકુમારની આવી મસ્તી મુકરી ક્યારેય નહીં ભૂલ્યા હશે..

થોડા દિવસો પહેલાં મુકરી સાહેબનો જન્મદિવસ હતો. મુકરી અને દિલીપ કુમાર ઘણાં સારા મિત્રો હતા. તેમની દોસ્તી વચ્ચે ઘણાં રસપ્રદ કિસ્સાઓ બન્યા હતા. તો ચાલો મુકરી સાથે બનેલાં થોડા મજેદાર કિસ્સાઓ જાણીએ.

મુકરી સાહેબ અને દિલીપ સાહેબે ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. તેમાંથી એક હતી મહેબૂબ ખાનની 'અમર', જે 1954માં રિલીઝ થઈ હતી. તે ફિલ્મમાં મુકરી સાહેબને એક વાંદરા સાથે કેટલાક શોટ આપવાના હતા. જ્યારે તે સીનની રિહર્સલ ચાલી રહી હતી ત્યારે દિલીપકુમાર પણ ત્યાં હાજર હતા. દિલીપકુમાર તેમના મજાકીયા સ્વભાવને કારણે મુકરી સાહેબને ખૂબ પરેશાન કરતા. વાંદરાને જોઈને દિલીપ સાહેબ તેની સાથે છેડછાડ કરવાનું મન થયું, તેથી તે વાંદરાને હેરાન કરવા લાગ્યા. દિલીપકુમારે વાંદરાને એટલો પરેશાન કરી દીધો કે વાંદરો ખૂબ ગુસ્સે થઈ ગયો. પછી પોતે ચુપચાપ ત્યાંથી નીકળી ગયા. થોડીવારમાં મુકરી સાહેબ વાંદરા સાથેનો પોતાનો સીન શૂટ કરવા આવ્યા. જેવા મુકરી સાહેબ વાંદરાની નજીક આવ્યા કે વાંદરાએ તેમના હાથ પર જોરથી બચકું ભરી ભાગી ગયો. મુકરી બૂમો પાડવા લાગ્યા અને દિલીપકુમાર તેમને જોઈને ખડખડાટ હસવા લાગ્યા.

દિલીપ સાહેબે મુકરીને કહ્યું, 'હવે તું પણ વાંદરા જેવી હરકતો કરવા લાગીશ.' દિલીપની આ વાત મુકરીના દિમાગમાં બેસી ગઈ. તેમને ખરેખર લાગવા લાગ્યું કે વાંદરાના કરડવાની અસર આવી રહી છે. ડાયરેક્ટર મહેબૂબ ખાનને જ્યારે ખબર પડી કે મુકરીને વાંદરો કરડ્યો છે તો તેમણે તરત જ મુકરીને ડોક્ટર પાસે લઈ ગયા. ડોક્ટરે કહ્યું કે જાનવરે કરડ્યું છે તો 12 ઈન્જેક્શન તો લાગવાવા જ પડશે. ઈન્જેક્શનનું નામ સાંભળીને મુકરી વધારે ગભરાઈ ગયા. પણ કહેવાય છે ને કે 'મરતા ક્યા ન કરતા'. મુકરી સાહેબને પૂરા 12 ઈન્જેક્શન લેવા પડ્યા. આ આખો કિસ્સો મુકરી સાહેબે પોતે એક ઈન્ટરવ્યુમાં કહ્યો હતો.



આ કિસ્સો 1952માં આવેલી મહેબૂબ ખાનની ફિલ્મ 'આન'ના લંડન પ્રીમિયર દરમિયાન બન્યો હતો. મહેબૂબ ખાન અને ફિલ્મના તમામ મુખ્ય કલાકારો તે પ્રીમિયરમાં ભાગ લેવા લંડન પહોંચ્યા હતા. મુકરી પણ ગયા હતા. પ્રીમિયર પૂરું થયા પછી સાંજે ભવ્ય ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.

**'અરે કમબખ્ત, તને ચમચી જોઈતી હતી તો ચોરી કરવાની શું જરૂર હતી? મને કહી દેતો. જો, હું તારા માટે એક ચમચી લાવ્યો છું.' લંડનથી ભારત આવતી એક ફ્લાઇટમાં દિલીપ કુમારે મુકરી સાહેબને આ વાત કહી હતી. આ એક ખૂબ જ રસપ્રદ કિસ્સો છે**

મુકરી દિલીપ કુમારના સારા મિત્ર હોવાથી આખી ટ્રિપ દરમિયાન તેઓ દિલીપ સાથે જ રહ્યા. ડિનર ચાલી રહ્યું હતું ત્યારે મુકરી સાહેબનું ધ્યાન ડાઈનિંગ ટેબલ પર ખાવાનું પીરસવામાં આવેલાં વાસણ પર ગયું. તેમણે જોયું કે ત્યાં બધા વાસણ ચાંદીના છે. ચમચીઓ પણ ચાંદીની વપરાઈ રહી છે.

**લેજન્ડ્સ**

મુકરીએ વિચાર્યું કે પાછા જતી વખતે એક ચમચી સાથે લઈ જઈશ. જેથી આ યાદગાર જગ્યાની યાદો હંમેશા પાસે રહે. અને મુકરીએ ચુપચાપ એક ચમચી ઉઠાવીને પોતાના ખિસ્સામાં મૂકી લીધી. પણ તેમને ખબર નહોતી કે આ બધું કરતી વખતે દિલીપ કુમાર તેમને જોતા હતા. ખરેખર તો આખા ડિનર દરમ્યાન દિલીપ કુમારની નજર મુકરી પર જ હતી. કદાચ તેઓ મુકરીના દિમાગમાં શું ચાલી રહ્યું છે તે સમજી ગયા હતા.

ડિનર પૂરું થયા પછી દિલીપ કુમાર ઊભા થયા અને બોલ્યા, 'લેડીઝ એન્ડ જેન્ટલમેન, હું તમને એક જાદુ બતાવવા માંગું છું.' દિલીપ કુમારે ચાંદીની એક ચમચી પોતાના ખિસ્સામાં મૂકી અને કહ્યું, 'હવે આ ચમચી હું મિસ્ટર મુકરીના ખિસ્સામાંથી કાઢીશ.' મુકરીએ જેવું આ સાંભળ્યું તેમનો ચહેરો સફેદ થઈ ગયો. તેઓ સમજી ગયા કે દિલીપ કુમારે તેમને પકડી પાડ્યા.

દિલીપ કુમારે કેટલાક મંત્રો બોલવાની એક્ટિંગ કરી. અને પછી વેઈટરને કહ્યું કે મુકરીના કોટની જેબમાંથી ચમચી કાઢો. વેઈટરે જેવું મુકરીની જેબમાંથી ચમચી કાઢતાં બધા હેરાન રહી ગયા. દિલીપ કુમાર માટે તાળીઓ વાગવા લાગી. જ્યારે મુકરી શરમ અનુભવી રહ્યા હતા. પાછા ફરતી વખતે ફ્લાઈટમાં મુકરી અને દિલીપ કુમાર સાથે બેઠા હતા. મુકરી નારાજ હતા અને બિલકુલ ચુપ હતા. એવું ક્યારેય નહોતું બનતું કે મુકરી દિલીપ કુમાર પાસે બેઠા હોય અને કંઈ ન બોલે! તેમને ચુપચાપ જોઈ દિલીપ કુમાર બોલ્યા, 'અરે કમબખ્ત, તને ચમચી જોઈતી હતી તો ચોરી કરવાની શું જરૂર હતી? મને કહી દેતે. જો, હું તારા માટે એક ચમચી લાવ્યો છું.' અને પછી દિલીપ કુમારે પોતાના ખિસ્સામાંથી તે જ ચાંદીની ચમચી કાઢીને મુકરીને આપી દીધી, જે તેમણે હોટલમાં જાદુ બતાવવાના નામ પર પોતાના ખિસ્સામાં મૂકી હતી.

